સુધારા ૐ વધારા સાથે

પ્રવિણ વિલાસી

કાવ્ય—માળા

ભાગ બીજો.

દોહરો.

કરો ભક્તિ કીરતારની, કરો પરમાર્થ કામ;
સુકૃત જગમાં કરો, સદા રહે અવિચળ નામ.

—:૦:—

રચનાર તથા છપાવનાર,
શંકરલાલ પીતામ્બર વ્યાસ તથા
લાલશંકર ઇશ્વરલાલ ત્રીવેદી,
કાળુપુર ભંડેરી પોળ—અમદાવાદ તથા મુંબઈ.

સંવત ૧૯૭૪.] સર્વ હક્ક સ્વાધીન. [સને ૧૯૧૮.
આવૃત્તિ ત્રીજી પ્રત ૧૦૦૦.
મુલ્ય એક આનો.

પહેલો તથા ત્રીજો ભાગ અમારી પાસેથી મળશે.

કુદરતની કોર્ટમાં પૂછાતા સવાલો.

—:o:—

પ્રભુને ત્યાં પાપ પુન્ય જરૂરથી પૂછાશે.

તમે કેટલા બંગલાઓ બનાવ્યા? તમે કેટલા દામ ગાંઠે બચાવ્યા?
ચલાવી તમે કેટલી ત્યાં દુકાનો? પ્રભુ તે તમોને નથી પુછવાનો.
તમે કેટલી રોજ ચીરોટ ફુંકી? તમે કેટલી વાપરી ચાહ ભુકી?
તમે ચાવતા કેટલા રોજ પાનો? પ્રભુ તે તમોને નથી પુછવાનો.
કઇ જાતના પહેરતા બુટ જોડા? ઘરે રાખતા કેટલા ગાય ઘોડા?
હતા કેટલા ગાડી ને ગાડીવાનો? પ્રભુ તે તમોને નથી પુછવાનો.
તમે કેટલી ભાઈ ભાષા ભણ્યા છો? બીએ., એમે. એમ.ડી. શું થયા છો?
થયા છો જે. પી., છે ચાંદ સી. આઈ. ઇ.નો? પ્રભુ તે તમોને નથી પુછવાનો.
કઇ જાતના બાળતા ઘેર લેમ્પો? કઈ જાતની વાપરી વેસ્ટ કેપો?
બીજો ડ્રેસ હતો કેવો પહેરવાનો? પ્રભુ તે તમોને નથી પુછવાનો.
તમે કેટલાં ભાઇ વસ્ત્રો ભેગાં કર્યાં છે? કઈ જાતનાં અત્તરો વાપર્યાં છે?
તમે વાપર્યાં પાન ગુલાબદાનો? પ્રભુ તે તમોને નથી પુછવાનો.
ઉનાળે હવા ખાવા કયે સ્થળે જાતા? તમે રેલવેમાં કયો વર્ગ લેતા?
તમે કેટલી મીજબાની કરી જુવાનો? પ્રભુ તે તમોને નથી પુછવાનો.
મુલાકાત લીધી તમે હોટલોની? ભાગી ગરદનો કેટલી બોટલોની?
લવંડર અને સેન્ટની શીશીઓની? પ્રભુ તે તમોને નથી પુછવાનો.

ત્યારે પ્રભુ તમોને શું પુછશે?

તમે કેટલી પ્રભુની ભક્તિ કીધી? ગરીબો તણી શી આશીશ લીધી?
તમે કેટલાં કીધાં પુન્ય કામો? પ્રભુ તે તમોને જરૂરથી પુછવાનો.

———

ફેશનેબલોને સ્વર્ગની નોટીસ.

(Notice from Heaven.)

(રાગ—ધરી યાદ અમદાવાદથી એકાદ વસ્તુ લાવજો.)

પ્રીય બેન બંધુઓ આ નોટીસ ધ્યાનમાં રાખજો,
વળી હોય દીલમાં જો દયા તો દુર્ગુણોને ત્યાગજો;
સ્વર્ગમાં સુધરેલ ફેશન નહી મળે તે લાવવા સંભારજો,
માટે સર્વ સામગ્રી લઈને તમે સ્વર્ગ વહેલા આવજો.
ચીતા તમે ચીરૂટની પ્રથમ તે ખડકાવજો,
વળી ઉપર બીડીઓના બંડલો ખાસ તે રખાવજો;
સળગાવવાને મેચીસ બોકસનો ઓરડર તમે આપજો—સર્વ૦
હોટલનું ત્યાં નામ નથી તો વસ્તુ ક્યાંથી મળશે ?
અહા ! ગરમ ચહાના પ્યાલા બનાવી કોણ આપશે ?
કોકો અને કોફી તણા ડબા લાવવા સંભારશો—સર્વ૦
સોડા લેમનની શીશીઓની પેટી પેક કરાવજો,
વળી અંદર વ્હીસ્કી બ્રાન્ડીની બોટલોને રખાવજો;
જીંજર ટોનીકની તપાસમાં ધ્યાન તમે રાખજો—સર્વ૦
ડોકટર કે ત્યાં વૈદ્ય નથી તો દવા કોણ આપશે ?
અહા ? તાકાત આપનાર ટોનીક ગોળીઓ કોણ તે ચખાડશે;
કોડલીવર ઓઈલ ને સીરપફોસફેટ લાવવા સંભારશો—સર્વ૦
એકાદ ઉંટ વૈદ્યને ખાસ લાવવા સંભારશો,
નાડી વૈદ્યના ઢોંગી નેતાને ખાસ તેડી લાવજો;
પેટંટ દવાનું પોકળ ચલાવનાર પ્રોફેસરને લાવજો—સર્વ

શરાબ ખાનાખરાબના શોખીનો ધ્યાનમાં રાખશો,
જો જેન્ટલમેન હો તો પીપો પેક કરીને લાવશો;
ચપણીઉ ને ચણા ખાસ લાવવા સંભાળશો—સર્વ૦

રમવાને પલેઇંગ કાર્ડસનાં પતાં લાવવા સંભારજો,
વળી સોક્રટાંબાજીના શોખીનો ખાસ ધ્યાનમાં રાખજો;
જરથી તમે જેન્ટલમેન હો જે જોઇએ તે લાવજો—સર્વ૦

હેર કટીંગ સલુન ત્યાં નથી તો કેમ તમને ચાલશે,
અહા! ફેશનેબલ બાલ તમારા કોણ ત્યાં કાપશે;
પ્રખ્યાત એક બારબર લાવવાને તે સંભારશો—સર્વ૦

નાટક ચેટકના નવીન નખરા કોણ બતાવશે,
તાલીમબાજ એકટીંગો કોણ ત્યાં દેખાડશે;
એકાદ હુશીયાર એકટરને સાથે તેડી લાવશો—સર્વ૦

ઓરડર પ્રથમ આપતાં ચહા લાવી કોણ આપશે,
અહા! ગરમ ગરમ ભજીયાનો સ્વાદ કોણ ચખાડશે;
માટે એકાદ હુશીયાર હોટલમેનને સાથે તમે લાવશો—સર્વ૦

કોલર નેકટાઈ ને પીનો પહેરવાને લાવશો,
સ્ટોકીગ સ્ટીકો લાવવા ખાસ સંભારી લાવશો;
ચશમા અને ચીરૂઠ ખાસ સંભારી લાવશો—સર્વ૦

સાર ફેશનથી મળ્યો નહી કરતાં બહુ વીચાર;
ફેશન વ્યસનના ફંદથી દુનીયા થઇ ખુવાર.

જુવાનીમાં અંધાપો ને જુવાનીમાં બુઢ્ઢાપો.

આજ કાલના ઘણા યુવાનો અવળે મારગે વીચરવાના,
સુધારામાં બુટ, કૉલર, નેકટાઈ ને ચશમા આંખે ચડાવવાના;
બીડી, ચીરૂટ, સીગારેટ ફુંકી ધુમાડાના ગોટેગોટ કહાડવાના,
જુવાનીમાં બુઢ્ઢા જેવા હાલ યુવાનોના દેખાવાના.
જુવાનીનો ખીલતો વસંત વ્યભીચાર વ્યસનની આગમાં હોમવાના,
તે ભઠ્ઠીમાંથી મડદાલ થઈને શૉર્ટ સાઈટ બહુ નીકળવાના;
જુવાનીમાં સોરટ સાઈટના રોગો યુવાનોને થાવાના—જુવાની•
કોઇ હોટેલીસ્ટ કોઇ બોટલીસ્ટ કોઈ નાટકલીસ્ટો થાવાના,
કોઇ મુડદાલીસ્ટ કોઇ રોગીલીસ્ટ કોઈ ફેશનેલીસ્ટ બનવાના;
બ્રહ્મચર્યલીસ્ટ સદાચારીલીસ્ટ સેંકડે સમ પરસંટ થાવાના—જુવા•
પાંચ દસ ગાઉ ચાલતાં થાકી ભાઇ જાવાના,
બણુગાં ફુંકવા ને બડાઈ મારવામાં બહાદુર બહુ જણાવાના;
જીભે જોરાવર આ દુનીયામાં સેંકડે સોએ સો પરસંટ દેખાવાના—જુ•
કોઇના જડબાં બેસી જઈને ડોળા બહાર દેખાવાના,
શરીરે શક્તિહીન શુરવીર યંગમેનો બહુ વધવાના;
દવા બાટલી હાથમાં લેઈને દાકતરને ત્યાં ડેલી જાવાના—જુવાની•
પંદર વરસની ઉમરમાં પ્રમેહ ચાંદીના રોગો થાવાના,
શક્તિ નથી શક્તિ નથી દરરોજ બુમો મારવાના;
વીસ પચીસ ચાલીસની અંદર રામબોલો ભાઇરામ બોલાવાના—જુ•

સુધરેલાની એમ બાબત છે.

ગઝલ.

સુધારામાં વધી ફેશન, વળી વધ્યાં બહુ વ્યસન;
અમારે બનવું છે ઈંગ્લીશ મેન, અમારી એમ બાબત છે.
ચડાવી નેકટાઇ ને કોલર, પછીથી બન્યા તે સર;
પણ ખીસા નથી ભાઈ તર, અમારી એમ બાબત છે.
પરાણે પચીસ કમાતા, તેમાંથી લોજમાં ખાતા;
બાકીના બડે વ્યસનોમાં જાતા, અમારી એમ બાબત છે.
પગારે તો પુરૂ થાતુ, અરેરે મન્થલી ભાતુ;
જુવો ફેશનનું ખાતુ, અમારી એમ બાબત છે.
અરે? સાહેબ થઈને ફરવું, માથે કરજ ખુબ કરવું;
ફેશનની હોળીએ બળવું, અમારી એમ બાબત છે.
ચહા, બ્રાંન્ડી અને બોટલ, ચોથી વહાલી લાગે છે હોટલ;
અઢારે વર્ણ ત્યાં જમે છે, અમારી એમ બાબત છે.
બુટ, સ્ટોકીંગ, દંડો ને દારૂ, આચાર વીના તો અંધારૂં;
કેવું છે સ્વર્ગનું બારૂં, અમારી એમ બાબત છે.
સ્ત્રીઓને શોખીન બનાવીશું, અરે ફેશનેબલ ફ્રાક પહેરાવીશું;
ફેશનેબલ માર્ગ બતાવીશું, અમારી એમ બાબત છે.
સુધારો બહુ જો કરતા, શરીરે સીક તો પડતા;
દવા લેવા રોજ રખડતા, અમારી એમ બાબત છે.
શરીરમાં શક્તિ ના દેખાતી, બુદ્ધી બાર કોસ દોડી તો જાતી;
ઉન્નતી આવી તો થાતી, અમારી એમ બાબત છે.
નીતી વીના ઉન્નતી નહી થાશે, બ્રહ્મચર્ય વીના દુઃખ નહી જાશે;
કળા વીના જાહોજલાલી નહી થાશે, ખરી અજમાવેલી બાબત છે.

ઘરનો સ્વામી ભલે ભીખ માગે પણ હું ફેશનેબલ થઇ ફરવાની.

કથા સાંભળો ફેશન કેરી સુધારામાં હું શું શું કરવાની?
ઘરનો સ્વામી ભલે ભીખ માગે હું ફેશનેબલ થઈ ફરવાની.
ફેશનેબલ પોલકાં પહેરી ફેશનમાં ગુલ થાવાની,
ફેશનેબલ ઘાઘરા સીવડાવી આનંદમાં તો રહેવાની;
ચાલ પણ અપ ટુ ડેટ ફેશનની ચાલે ચાલવાની—ઘરનો૦
જુના રીવાજોને જુતા મારી બારીક વસ્ત્ર પહેરવાની,
અંગ ઉઘાડું દેખાશે તેની પરવા જરા નહી કરવાની;
કાળા મુખને ગોરૂ બનાવવા પાવડર ઉપર લગાવવાની—ઘરનો૦
નાટક જોવા જાતે હું આનંદથી ત્યાં જાવાની,
ઘરનો સ્વામી ભીખ માગે તેની દરકાર જરા નહી ધરવાની;
એડીવાળા બુટ પહેરી છત્રી ઝાલી ફરવાની—ઘરનો૦
ફક્કડ ફેશનેબલ બાલ હોળીને સેંથો અંદર મુકવાની,
ટાપ ટીપ ને ઘોરકો કરવા બનતું હું તો કરવાની;
મડમ બનવાને કાજે હું હીંદુપણું છોડવાની—ઘરનો૦
ફેશનેબલ બીલોરી કાચની બંગડીયો હું પહેરવાની,
ઘરમાં નાણા ના હોય તો ઉધારે મંગાવવાની;
નીતી દયા ને સદાચારનો સુધારો કયે ભવે કરવાની—ઘરનો૦

પંદર લાખની પુંજીનું પાણી.

સુરત શહેરનો સફરી શેઠીઓ મુંબઈ કમાવવાને આવ્યો,
પુંજીમાં પંદર લાખ રૂપીઆ લીને તો સાથે લાવ્યો.

ગ્રાંન્ટ રોડના સ્ટેશન ઉતરી લોજ તરફ વીહાગરી કરી,
ફરસ્ટ કલાસ રૂમ રાખીને ચાર્જ દીધો સઘળો ભરી.
વીકટોરીઆને ભાડે કરીને આખા શહેરની પ્રદક્ષણા કરી,
ધંધા જેટલા ધ્યાનમાં આવ્યા લીધા સઘળા હ્રદયમાં ધરી.
શોખીન નરનારી શહેર માંહી શોખ સારો કરવાને લાગ્યાં,
નાટક ચેટક સીનેમેટોગ્રાફ આનંદ જોવા લાગ્યાં.
પુંજી હતી પોતાની પાસે દીલમાં જરા નહી ગભરાતાં,
અનેક ફેશનેબલ ચીજો વહોરી આનંદ માંહી હરખાતાં.
સ્વર્ગપુરી આ મુંબઇ નગરીમાં માત પીતાની ખોટ દેખાતી,
બાકીની તો બધી ચીજો મુંબઇ નગરીમાં નાણાંથી મળતી.
ઘણા દીવસની મોજ પછીથી અનેક તરંગો દીલમાં કર્યા,
અનેક ધંધા શોધી કહાડી પગલાં તેની પાછળ ભર્યા.
સર્વ ધંધામાં સટ્ટાનો ધંધો સારો દેખાવાને લાગ્યો,
સટ્ટા કરવા સટ્ટા રે કરવાનો તરંગ દીલમાં તો જાગ્યો.
પાયધુની પર પેઢી રાખી દુકાન સારી શણુગારી,
અપ ટુ ડેઈટ ફેશનેબલ બનવા મનમાં લીધું વીચારી.
બીલોરી કાચના બહોળા તકતા દુકાનમાં દીધા લગાવી,
હાંડી ઝુમરના ત્યાં ગલાસો દીધા પુશકળ લટકાવી.
પરપોટીયા બેંકમાં નાણાં મુકી વહેવાર ચાલુ પોતે કર્યા,
વાજાં વગડાવી પ્રખ્યાત થઇને બોલ શહેરમાં પોતે ફર્યા.
પાંચ દસ ગુમાસ્તા રાખી ધમધોકાર ધંધો ચલાવ્યો,
પવન ખાવાને ઇલેકટરીક પંખો દુકાન માંહી રખાવ્યો.
ટાઈપ રાઈટીંગ મશીન રાખ્યું સફાઇથી કામો કરવાને,
ભેગાભેગી ગીરધારનો ધંધો લાગ્યો સટોરીઓ કરવાને.

પાંચ કમાયો પચીસ કમાયો રૂપીઆ લાગ્યો કમાવવાને,
પચીસ મુકીયા પચાસ મુકીયા રૂપીઆ ખોવા માંડયા હજારોને.
બીઝનેસમાં પુરૂ નોલેજ ન હતું પારકી શીખામણે ધંધો કરતો હતો,
સટ્ટા બજારમાં સટ્ટા કરવા દીવસે ઉઠી ત્યાંજ જતો.
રૂના સટ્ટા કરતાં કરતાં રૂપીઆ પુષ્કળ કમાવવાને લાગ્યો,
ચાંદીનો તો સટ્ટો કરવા વીચાર દીલમાં ત્યાં જાગ્યો.
વીનાશ કાળે વીપરીત બુદ્ધી આ ગૃહસ્થની થવા લાગી,
ચાંદીનો તો સટ્ટો કરતાં પુજી પુષ્કળ હાથ લાગી.
બીલડીંગ પોતાના ઘરની બંધાવી દીલમાં બહુ રાજીજ થયો,
બોમ્બે શહેરના સટ્ટા બજારમાં પ્રખ્યાત પોતે થઈ ગયો.
ધીરધાર ને સટ્ટાનો ધંધો ધમધોકાર કરવાને લાગ્યો,
મસત મુનીઓ દુકાનમાં રાખી વેપાર મોટો ચલાવ્યો.
ટેલીફોન નંબર તેર હજારની પેઢી ઓળખાવવાને લાગી,
ચાંદીનો તો સટ્ટો કરતાં ગોળી જબરી ભાઈને વાગી.
પચીસ લાખનો ચોખો ચાંલ્લો ભાઇ સાહેબના કરમમાં આવ્યો,
ઢીલાઢસ ટાંટીયા ને વીલે મોહડે ઘેર આવ્યો.
પચીસ લાખ રૂપીઆ પુરા કેવી રીતે તે કરશું,
ઇજ્જત આબરૂ રાખીને આ દુનીઆમાં કેમ કરીને ફરશું.
અનેક વીચારો કર્યા પછી મારવાડી સાથે ટેલીફોન ચલાવે છે,
તેર હજાર નંબરની પ્રખ્યાત પેઢીનો માલીક તમને બોલાવે છે.
પાયધુનીની પ્રખ્યાત પેઢી હતી ને મારવાડીને સંદેહ ન આવ્યો,
શું કામ શેઠજી છે તમારે સંદેશો ટેલીફોનથી તુરત કહાવ્યો.
નાણું સંબંધી કામ તમારૂ છે જલદી અહીયાં આવોને,
સવડ બને જો સારી રીતે વીશ લાખના ચેક લાવોને.

મારવાડી જાણે દાવ સારો છે ને ગરજે વ્યાજ સારૂ મળશે,
બંદ્વાનો તો ફેરાનો ફાયદો સારી રીતે તે મળશે.
વીકટોરીયાની અંદર બેસી મારવાડી સટ્ટોરીયાને ઘરે ગયો,
શેઠજીને પધારતાં સાથે આનંદ સતકાર ખુબ થયો.
વીશ લાખ રૂપીઆ જોઈએ હમારે કેમ તમારાથી બની શકશે,
વ્યાજ પણ સારી રીતે સવડ પડતું તે મળશે.
સાત ટકાના સારા વ્યાજે રૂપીઆ વીસ લાખ તેને ધીર્યા,
એમ્એ બેંકના ચેકો આપી શેઠજી ત્યાંથી પાછા ફર્યાં.
બીજે દીવસે બીલડીંગને બાઇડીનું ઘરેણું ઘરાણે મુકી દીધું,
પચીશ લાખમાંથી બાવીશ લાખનું દેવું ભાઇએ ચુકવી દીધું.
ઈજ્જત રાખવાને માટે ગાંઠની મુડી મુકી દીધી,
ધીરધાર કરવાને માટે નાણાં વીના પેઢી બંધ કીધી.
જમે મુકનારા લોકોએ પવન ઝપાટે વાત સાંભરી,
નાણા પાછા મેળવવાને ચાલ્યા ઇરાદો ત્યાંજ કરી.
પંદર લાખની પોતાની પુંજી ગુમાવતાં તેવીશ લાખનું કરજ થયું,
સટ્ટા કેરા ધધા કરતાં ગાંઠનું ગોપીચંદન ચાલી ગયું.
ઉપરા ઉપરી જનસમાજમાંથી દાવા લાગ્યા કરવાને,
સટ્ટાનો તો ધંધો કરતાં ભાઇ લાગ્યા પોકો મુકવાને.
વીશ લાખ ધીરનાર મારવાડીને પૈસો પાછો એક ના ભર્યો,
હાઈ કોર્ટનો આશરો લેઇને દાવો તેણે તુરત કર્યો.
પુરી જુબાની કોર્ટ લેતાં સાર નીકળી તે આવ્યો,
સાદા આતો સદગ્રહસ્થે સઘળો પૈસો સટ્ટામાં ગુમાવ્યો.
ઈજ્જત આબરૂ રાખવા કાજે નારીના ઘરેણાં વેચી દીધાં,
બીલડીંગ વેચી બીજું વેચીને થોડા નાણા પુરાં કીધાં.

પાસે પાઇ દેખાતી નથી આ ગૃહસ્થ હવે તો શું કરશે,
બાવીસ પચીસ લાખનું દેવું કેવી રીતે ભાઇ ભરશે,
ન્યાયાધીશે દયા લાવી નાદારીમાં તો ઠરાવ્યો,
સઘળા જણના દાવા સાંભળી કેશ કહાડી તો નાંખ્યો.
મારવાડી કહે બારજ વાગ્યા વીસ લાખનું પાણી થયું,
હોંસ શકતી ને શુરાતન સઘળું તરત ચાલ્યું ગયું.
પોતે પછીથી ચાદર ઓઢી બેઠો ત્યાં તો રોવાને,
મારવાડીનો ફજેતો લાગ્યા ત્યાં તો લોકો જોવાને.
સટ્ટાનો તો ધંધો કરતો શેઠીયો પાયમાલ થયો,
મારવાડીને ઇજ્જત આબરૂ સાથે લેતોજ ગયો.
ભારે વ્યાજ સટોરીયા સાથે લેતા ગાંઠની મુડી ગુમાવી,
મારવાડીએ ત્યાંથી પછી ખુબી એક ચલાવી.
મુંબાઈ નગરી છોડીને કલકતા તરફ ચાલ્યો ગયો,
શંકરલાલે સ્વપના માંહ આ સઘળો તરંગ જોયો.
સટ્ટા કેરા ધંધા કરશે કોક દીવસ નક્કી ખાડે પડશે,
ધન ઈજ્જત ને આબરૂ નક્કી ખુવાર તે કરશે.
પ્રભુ સર્વ બંન્ધુને શુદ્ધ બુદ્ધી આપે આશા એવી રાખું છું,
ક્ષમા કરશો હે દેશી ભાઇઓ માફી તમારી માગું છું.
ઈશ્વર કૃપાથી અન્ય ઉદ્યોગો તમને આવી તો મળશે,
સટ્ટા કેરો કુછંદ છોડતાં સર્વ દુઃખડાં તો ટળશે.

આજ કાલના વધારા.

ફરસ્ટ આ દુનીયા માંહી ફક્કડ મેનો બહુ વધવાના,
કોલર નેકટાઇ ગળે લગાવી આનંદમાંહ ફરવાના;
બુટ સ્ટોકીંગથી સજ થઇને સ્ટીક ઝાલી ફરવાના,
ઓલ દુનીયાની માંહી આવા સુધારા બહુ વધવાના.

બીજે બીડી મરચન્ટો આ દુનીયા માંહી બહુ દેખાવાના,
ગલીએ ગલીએ દુકાન કહાડી ભાઈસાહેબ બેસવાના;
લોહીનું પાણી થાશે ફાયદા એટલા થાવાના—બોલ૦
ત્રીજે ટી મરચન્ટો આ દુનીયામાં બહુ દેખાવવાના,
કોઇ મસાણી તો કોઈ સમસાણી હોટલના માલીક થાવાના;
જ્ઞાતી ભેદો દુર કરીને સાથે બેસી જમવાના—બોલ૦
ચોથે કંઈ ચાલાક નરો રોફ મારીને ફરવાના,
ફેશનેબલ કપડાં પહેરી ટાપટીપ પુરતી કરવાના;
ઘરની અંદર નાણા માટે શંખમશંખા ઉડવાના—બોલ૦
પાંચમે જ્યોતીષ જોનારા ભાઈ ભાગ્ય તમારાં કહેવાના,
ભવીષ્ય તમારૂં દોઢીયાં આપો જલદી ભાખી આપવાના;
પોતાનું ભવીશ કયારે ખુલશે તે માત્ર ભગવાન જાણવાના.—બોલ૦
છઠ્ઠે છન્નુ ટકા ભાઈ છ વ્યસનોમાંથી કોઈક બચવાના,
ચહા, ચીરૂટ, બ્રાન્ડી ને સીગારેટ ઘણા જણા તો પીવાના;
પરધન હરતાં ખરાબ કામ કરતાં કોઈ વીરલા નર તો ડરવાના—બોલ૦
સાતમે ખાનગી સરવીસ કરનારા આ દુનીયામાં બહુ વધવાના,
ટકાના ત્રણ શેરે દમડીના દોઢ શેરે ઉપર માગ્યા બે મળવાના;
નોન મેટરીકની વેલ્યુ ભાઇ કોઇ ભાગ્યેજ કરવાના—બોલ૦
આઠમે મીથ્યા આડંબર આ દુનીયામાં બહુ લોકો કરવાના,
દેખાદેખી વ્યસનોમાં ને ફેશનમાં બહુ ફસવાના;
પાકો વીચાર કર્યા વીના તન, મન, ધનની પાયમાલી કરવાના—બોલ૦
નવમે કોઈ નાડી વૈદ્યો આ દુનીયામાં એકાદ પુસ્તક વાંચી થાવાના,
નાડી તપાસની પરીક્ષામાં ઢઢા જેટલું જાણવાના;
અરા વૈદક શાસ્ત્રીને કલંક આવા લગાડવાના—બોલ૦

દશમે આ દુનીયાની માંહી ડોસા જલદી બનવાના,
જુવાનીના ખરા જોસને ભ્રષ્ટ કરી તો નાંખવાના;
જુવાનીમાં બુઠ્ઠા જેવા હાલ હવે યુવાનોના દેખાવાના.—ઓલ૦
અગીઆરમે આ ઇન્ડીયા માંહી રોગી મેનો બહુ વધવાના,
કોઇને સીકનેસ કોઇને વીકનેસ કનઝંપશન કોન્સ્ટીપેશન થાવાના,
કોઇને ચાંદી કોઇને પરમીયા કોઈને વીશફોટક થાવાના—ઓલ૦
બારમે બેરીસ્ટર, પ્લીડર, સોલીસીટર બહુ વધવાના,
ડોકટર, સૉરટર, મીસ્ટર, ટયુટર ટર ટર ડીગ્રી મેળવી ફરવાના;
ટર ટર સો કોઈ થાશે જરથી તર કોઈ ભાગ્યે થાવાના—ઓલ૦
તેરમે ટી પીનારા લગભગ ત્રાણું ટકા વધવાના,
લોહીનાં પાણી પોતાના હાથે ભાઇસાહેબ કરવાના;
ખાધુ પચતું નથી, ખાધુ પચતુ નથી ઘણા ભાઇઓ બુમ મારવાના—ઓલ૦
ચઉદમે ચશમા પહેરનારા આ દુનીયાંમાં બહુ વધવાના,
પોતાના હાથે શૉર્ટ સાઈટ યુવાનો તો લાવવાના;
ગાલ ઉપર તમાચો મારી મુખડું રાતુ રાખવાના—ઓલ૦
પંદરમે પવીત્ર નારીના ટોટા બહુ દેખાવાના,
નેપોલીયન ઉપદેશ કરે છે તે દેશના હાલ બુરા થાવાના;
નારી સુધરી જે દેશમાં ત્યાં દેવસરીખા મનુષ્ય દેખાવાના—ઓલ૦
સોલમે સાધુ, સન્યાસી, બાવા બહુ વધવાના,
ગાંજા, સુકા, ચડસના ધુમાડેકા ગોટે ગોટા કરવાના;
ભીખારીનાં ટોળાં આ ઇન્ડીયામાં કીડીયો માફક ઉભરાવાના—ઓલ૦
સતર કંઈ સુરવીર નરો દીકરીનાં દોઢીયાં લેવાના,
ઘોડા ગાડી ને ઘરેણાં તેમાંથી ભાઈ કરવાના;
દીકરીના જે દોઢીયાં લેશે તેની રગે રગે કીડા પડવાના—ઓલ૦

અઢાર ઉંચ વર્ણના હીંદુ ઇરાની હોટલમાં ચ્હા પીવા જાવાના,
માલતાલ ત્યાંના બનેલા નીડરતાથી ઉડાવવાના;
છતાં હમો હીંદુ છીએ મુખે તેવું કહેવાના—ઓલ૦
ઓગણીસમે ઉંચી તનદુરસ્તીની શોધો ભાગ્યે કરવાના,
ત્યાં સુધી તમે નીરોગી કેવી રીતે બનવાના?
તનદુરસ્તીની ખરી પીછાન કોઈ વીરલા નર તો કરવાના—ઓલ૦
વીસમે વીશ્વપતીની ભક્તિ જે કોઈ કરશે,
નીતી દયા સદાચારમાં ધ્યાન પોતાનું ધરશે;
પરમાત્મા તેને સદાના માટે સુખી તે કરશે—ઓલ૦
એકવીસમે ઇશ્વર કૃપા કરે ને બ્રીટીશ રાજ અમર રહે,
શંકર તો મારી માગીને સુબોધ સર્વ જનને કહે;
નીતી સદાચાર સદગુણ વધારી આનંદમાં રહેશે,
સ્વર્ગમાંથી ઝરતું અમૃત વીરલા નર તેતો પીશે.

મુંબઇની કમાણી મુંબઇમાં સમાણી.

—:o:—

મન્થલી સરવઈયું.

લોકો ભલે વીચાર કરી કરીને આ દુનીઆમાં થાકવાના,
પણ પૈસાદાર અક્કલ વીના કોઇ ભાગ્યેજ થાવાના;
શોખ લાગ્યા ફેશન કેરા પાયમાલ તેમાં થાવાના,
મુંબઇ નગરીના કમાયલા નાણાં મોજ શોખોમાં જાવાનાં.
પચાસ રૂપીઆ પરાણે કમાતા તેમાંથી બે રૂપીઆ પાનપટીમાં જાવાના,
ફર્સટ કલાસ વોશીંગ કમ્પની સહેલમાં બે રૂપીઆ ખરચાવાના;
છ રૂપીઆ તલક બીડીઓની મોજશોખમાં જાવાના—મુંબઇ.

સારો બારબર હેરકટીંગમાં મળે તેમાં એકાદ રૂપીઓ ખરચવાના,
સેન્ટ લવંડરની શોખ શહેલમાં એકાદ રૂપીઓ વાપરવાના;
ચીરૂઠ સીગારેટના શોખીન વ્યસનોમાં એકાદ બે ખરચાવાના—મુંબઈ.
હોટલમાં તો હાજરી આપતો દરરોજના એકાદ બે આના જાવાના,
એ હીસાબે ફોર રૂપીઝ મહીનામાં વપરાવાના;
ભાઈ દોસ્તોને ટી પાર્ટી આપતાં બે રૂપીઆ તો જાવાના—મુંબઇ.
નાટક દેવનાં દરશન કરવા જાતાં બે રૂપીઆ ખરચાવાના,
વળી શોખ હોય જો બોટલનો બે ચાર તેમાં જાવાના;
સોડા-લેમન-જીંજર માંહી એકાદ રૂપીઓ ખરચ કરવાના—મુંબઈ.
પચાસ રૂપીઆની માંહીથી વીશ પચીશ આવી રીતે ખરચાવાના,
બાકીના રહેલા રૂપીઆમાંથી કુટુંબ ખરચ કેવી રીતે કરવાના;
કંઇક બન્ધુ ઉધારે લાવી પણ રોફ પુરતો મારવાના—મુંબઇ.
ફરસ્ટ બન્ધુ ઈશ્વરને આ દુનીયામાં કોઇ માનવાના,
સેકન્ડ બંધુ કરકસર ને નીરવ્યસની થઈ ફરવાના;
ત્રીજો બંધુ ઉદ્યોગ હુન્નર યા ઉત્તમ નોકરી કરવાના—મુંબઇ.

ઉપકાર.

હિન્દુ, મુસલ્લમાન, પારસી, યુરોપીઅન અને યુરેઝીઅન, જે ભાઇઓએ આ ચોપડી વાંચી તેના કાવ્યો સાંભળી મને જે ઉત્તેજન આપ્યું છે તેમનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનું છું. મારા લખવાનો ઉદ્દેશ માત્ર દરેક બન્ધુ દુરાચાર, દુષ્ટ વ્યસન, ફેશન આદીથી દરેક મનુષ્ય બચવા પામે કે જેથી તેમને દુષ્ટ વ્યસનો છોડવાથી ખરી તનદુરસ્તી, દુરાચાર છોડવાથી સદગુણ ને ફેશન છોડવાથી ધનનો બચાવ અવશ્ય થશે છતાં કોઈ પણ સ્થળે

ભારી ભુલ બોલવા, વાંચવામાં કે લખવામાં દેખાય તો ખરા અંતઃકરણથી માફી આપશો.

તમે ચોપડી ખરીદી જે ઉત્તેજન આપો છો તે નાણા શરીરની સારી ખીલવણી કરવાની શોધોમાં વપરાય છે.

લી૦ સેવક,

શંકરલાલ પી. વ્યાસ.

હે પ્રભુ! ન્યાયી બ્રીટીશ રાજ અમર રહો!

——:૦:——

(કાવ્ય બીજું–રાગ જય જય ગરવી ગુજરાત.)

લેખકઃ—શંકરલાલ પિતામ્બર વ્યાસ.

અમર તપો આ રાજ, પ્રભુજી અમર તપો આ રાજ;
ના રહે કોઈ મનુષ્યના રાજ, પ્રભુજી અમર તપો આ રાજ
સુલેહ સંપ દુનીયામાં વધ્યાં ને થયો વીજ્ઞાનનો પ્રકાશ,
ન્યાય ન્યાય દુનીયામાં વધે ને હુન્નર ખીલે જાય—અમર૦
કોઈ કોઇથી લડે નહી ને કરે છે મનુષ્ય કલોલ,
ચોર ડાકુના ભયના ત્રાસને કીધો મરણને તોલ—અમર૦
જ્યોર્જ રાજા ઘણું જીવો ને ઘણું જીવો મેરી માત.
બ્રીટીશ રાજ આ દુનીયા માહી ન્યાય દયા માટે
થયું પ્રખ્યાત—અમર૦

છપાવનારઃ—શંકરલાલ પીતામ્બર વ્યાસ. [૫૮૮x૭૪.
માલનું ઠેકાણુંઃ—મગનબાગ, પરેલ રોડ—મુંબઈ.
છાપનારઃ—શા. મગનલાલ જગજીવનદાસ.
ઠેકાણું—શ્રી 'સરસ્વતી' છાપખાનું, ૩૫૬, નાગદેવી રસ્તો, મુંબઈ.